# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-07-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

*******************************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઑસ્ટ્રિયા પ્રવાસને ઐતિહાસિક ગણાવતા બંને દેશોની મૈત્રી ગાઢ બની હોવાનું જણાવ્યું
- બજેટ પૂર્વે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દેશના જાણીતા અર્થશાસ્ત્રીઓ સાથે બેઠક કરશે
- ઉત્તરપ્રદેશમાં પૂરને પગલે વધુ 22નાં મોત, તો ઉત્તરાખંડમાં ભૂસ્ખલનને પગલે કેદારનાથ યાત્રામાં અવરોધ
- દક્ષિણ ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહી
- ભારતીય પેરા શૂટર રૂબિના ફ્રાંસિસ અને સ્વરૂપ ઉન્હાલ્કરે 'વાઇલ્ડ કાર્ડ' અંતર્ગત પેરિસ પેરાલમ્પિક ટીમમાં સ્થાન મેળવ્યું

*******************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM AUSTRIA ROUND UP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઑસ્ટ્રિયા પ્રવાસને ઐતિહાસિક ગણાવ્યો છે. તેમણે કહ્યું કે આ પ્રવાસથી બંને દેશો વચ્ચેની મિત્રતા ગાઢ બની છે. ઑસ્ટ્રિયા યાત્રાના સમાપન પ્રસંગે તેમણે ઑસ્ટ્રિયાના લોકોના આતિથ્ય અને સ્નેહ માટે ચાન્સલર કાર્લ નેહમર અને ઑસ્ટ્રિયા સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. વિયનમાં ઑસ્ટ્રિયાના ચાન્સલર નેહમર સાથેની મુલાકાત બાદ શ્રીમોદીએ કહ્યું કે ભારત અને ઑસ્ટ્રિયા વચ્ચેના દ્વીપક્ષીય સંબંધોને રાજદ્વારી નીતિ દિશા આપવા માટેના નિર્ણયો લેવાયા છે. વધુમાં તેમણે જણાવ્યુ કે બંને દેશમાં પરસ્પર સહકારને સશક્ત બનાવવા માટે નવી તકોની ઓળખ કરાઈ છે. ઑસ્ટ્રિયાના ચાન્સલર સાથેના સંયુક્ત સંબોધનમાં શ્રી મોદીએ કહ્યું કે તેમણે પશ્ચિમ એશિયાની સ્થિતિ કે યુક્રેનના સંઘર્ષ સહિત વિશ્વની હાલની ભૂ-રાજકીય સ્થિતિ પર વિસ્તૃત ચર્ચા કરી.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત અને ઑસ્ટ્રિયા સાથે મળીને માળખાકીય સેવાઓને વિકાસ, નવીન શોધ, પુનહ પ્રાપ્ય ઊર્જા, હાઇડ્રોજન, જળ અને કચરા પ્રબંધન, આર્ટિફિશયલ ઇન્ટેલિજેન્સ જેવા ક્ષેત્રોમાં કામ કરશે. આ માટે આગામી દાયકાઓમાં સહકારની રૂપરેખા તૈયાર કરાઈ છે. ચાન્સલર નેહમેર સાથે ઑસ્ટ્રિયા અને ભારતના મુખ્ય કાર્યકારી અધિકારીઓના જૂથને સંબોધીત કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આગામી કેટલાક વર્ષોમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવા માટે અગ્રેસર છે. તેમણે ઑસ્ટ્રિયાની કંપનીઓને ઘરેલૂ અને આંતરરાષ્ટ્રીય બજાર માટે મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમ અંતર્ગત ઉચ્ચ ગુણવત્તા અને ઓછા ખર્ચે ઉત્પાદન ક્ષેત્રમાં ભારતના આર્થિક પરિદૃશ્યનો લાભ ઉઠાવવાનો આગ્રહ કર્યો. વિયેનામાં ભારતીય મૂળના લોકોને સંબંધિત કરતા યાત્રાના સમાપન પ્રસંગે શ્રી મોદીએ કહ્યું કે વિશ્વ ભારત તરફ આશાસ્પદ રીતે જોઈ રહ્યું છે. તેમણે કહ્યું કે દુનિયાના લોકો ભારતથી કંઈક શીખવા માગે છે. પ્રધાનમંત્રી મોદી ઑસ્ટ્રિયા પ્રવાસ પૂર્ણ થતા દિલ્હી માટે રવાના થયા હતા.

# PM BUDGET

પ્રધાનમંત્રી મોદી આજે નવી દિલ્હીમાં જાણીતા અર્થશાસ્ત્રીઓ સાથે સંવાદ કરશે. શ્રી મોદી આગામી કેન્દ્રીય બજેટ પર પોતાના વિચાર અને સૂચનો રજૂ કરશે. બેઠકમાં અર્થસાસ્ત્રીઓ, વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો ઉપરાંત નીતિ આયોગના ઉપાધ્યક્ષ સુમન બેરી સહિતના અન્ય સભ્યો ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે આગામી 22 જુલાઈથી સંસદનુ બજેટ સત્ર રજૂ થશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ 23 જુલાઈના રોજ લોકસભામાં કેન્દ્રીય બજેટ રજૂ કરશે. એનડીએ સરકારના ત્રીજા કાર્યકાળનું આ પ્રથમ બજેટ છે.

# BIMSTECSAMMELAN

બંગાળની ખાડી બહુ-ક્ષેત્રીય તકનિકી અને આર્થિક સહકાર માટેની પહેલ એટલે કે બિમ્સટેકના વિદેશ મંત્રીઓનું બીજું સંમેલન આજથી નવી દિલ્હી ખાતે શરૂ થશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર આ કાર્યક્રમમાં બિમ્સટેકના વિદેશ મંત્રીઓની યજમાની કરશે.

આ આયોજન બિમ્સટેક સમૂહના સભ્યોને બંગાળની ખાડી વિસ્તાર અને દરિયાકાંઠાના વિસ્તારોમાં સુરક્ષા, સંપર્ક, વેપાર અને રોકાણ સહિત વિવિધ ક્ષેત્રમાં સહયોગને વ્યાપક અને મજબૂત કરવાની તક પૂરી પાડશે. બિમ્સટેક વિદેશ મંત્રીઓની પહેલી આવૃત્તિનું આયોજન ગયા વર્ષે જુલાઈમાં થાઈલેન્ડના બેન્કોક ખાતે કરાયું હતું. બિમ્સટેક બહુપરિમાણીય સહયોગ માટે સાત દક્ષિણ અને દક્ષિણ પૂર્વ એશિયન દેશોનું એક સમૂહ છે.

# UP– FLOOD

ઉત્તર પ્રદેશમાં પૂરને પગલે છેલ્લા 24 કલાકમાં વધુ 22 લોકોએ જાન ગુમાવ્યા છે. મખ્યમંત્રી યોગી આદિત્યનાથે શ્રવસ્તીના પૂર પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી હતી.

ઉત્તર પ્રદેશમાં અમારા સંવાદદાતા જણાવે છે કે પ્રતાપગઢમાં 11, સુલ્તાન પુરમાં 6, જ્યારે ચંદૌલીમાં પાંચ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યના 12 જિલ્લાઓના 633 ગામો પૂરને પગલે પ્રભાવિત છે. અસરગ્રસ્ત જિલ્લાઓમાં લખિમપુર ખિરી, સિતાપુર, પિલિભિત, શ્રવસ્તી, બલરામપુર, બસ્તી, બારાબંકી, ગોન્ડા, બલિયા, સિદ્ધાર્થનગર, શાહજહાનપુર, કુશીનગરમાં અનેક વિસ્તારોમાં જળમગ્ન છે. હજારો એકર જમીન પર ઉભો પાક ધોવાઈ ગયો છે. જ્યારે કે 8 લાખ લોકોને અસર થવા પામી છે.

# ASSAM FLOOD

આ તરફ પૂર અસરગ્રસ્ત આસામમાં સ્થિતિ સુધરી છે. રાજ્યની મોટાભાગની નદીઓ જોખમી સ્તરથી નીચે વહી રહી છે. પૂરને પગલે રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાકમાં વિવિધ ઘટનાઓમાં વધુ 24 લોકોના મોત થયા છે..

# NEPAL _FLOOD

પાડોશી દેશ નેપાળ ભારે વરસાદ અને પૂરને પગલે અનેક પડકારોનો સામનો કરી રહ્યો છે. નેપાળમાં પૂર અને ભૂસ્ખલનને કારણે અત્યાર સુધીમાં 83 લોકોના મોત થયા છે. જ્યારે 106 લોકો ઘવાયા છે, તેમજ પાંચ લોકો હજી પણ ગૂમ છે. નેપાળ સશસ્ત્ર પોલીસ દળોએ સ્થાનિક લોકોને નદી કાંઠા વિસ્તારોથી દૂર રહેવાની સલાહ આપી છે.

# IMDWEATHER

નેઋત્ય ચોમાસું દેશના મોટાભાગના રાજ્યોને આવરી ચૂક્યું છે. ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોમા ભારે વરસાદને પગલે ખાનાખરાબી સર્જાઈ છે. દરમિયાન હવામાન વિભાગે ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, સિક્કીમ, બિહારમાં ભારે વરસાદની આગાહી કરી છે.

દક્ષિણ અને ઉત્તર ગુજરાતનાં કેટલાંક ભાગો ઉપરાંત આસામ મેઘાલય, અરૂણાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ, વિદર્ભ, દક્ષિણ પૂર્વીય રાજસ્થાન, લક્ષદ્વીપ, કોંકણ, ગોવા, તટિય કર્ણાટક, તેલંગાણાના કેટલાક ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે. ઉપરાંત હિમાચલ પ્રદેશ, આંદમાન અને નિકોબાર ટાપુ, મધ્ય પ્રદેશ, પૂર્વોત્તર ભારત, મરાઠાવાડા, મધ્ય મહારાષ્ટ્ર અને કેરળના કેટલાક ભાગોમાં હળવા વરસાદની શક્યતા છે.

# MID BREAK NEWS NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# AMARNATH YATRA

અમરનાથ યાત્રા માટે નિકળેલા શ્રદ્ધાળુઓનું વધુ એક જૂથ પવિત્ર ગુફાના દર્શન માટે ભગવતી નગર યાત્રી નિવાસ ખાતેથી રવાના થયું છે. 4 હજાર, 885 શ્રદ્ધાળુઓ 191 વાહનોમાં બેસીને બેઝ કેમ્પથી આજે વહેલી સવારે નિકળ્યા છે. જેમાં ત્રણ હજાર 22 પુરુષો, એ હજાર 86 મહિલાઓ, 14 બાળકો, 111 સાધુ અને 52 સાધવીઓ સામેલ છે.

# UTTARAKHAND LANDSLIDE

ઉત્તરાખંડમાં ભારે વરસાદને પગલે બદ્રીનાથ યાત્રા સતત બીજા દિવસે બંધ રહી. અકાશવાણી સંવાદદાતાના જણાવ્યા અનુસાર ચમોલી જિલ્લામાં ભૂસ્ખલનને પગલે બદ્રીનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ થઈ ગયો છે.

પાતાલ ગંગા લાંગસી ટનલ નજીક વિશળ પહાડ તૂટી પડતા આ માર્ગ પરનો વાહનવ્યવહાર ખોરવાયો છે. સ્થાનિક પ્રસાશન દ્વારા શ્રદ્ધાળુઓને જ્યાં છે ત્યાં અટકી જવા માટે સૂચના જાહેર કરાઈ છે. દરમિયાન હવામાન વિભાગે આગામી દિવસોમાં રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરી છે.

# ED BJP AAP

કથિત આબકારી નીતિ કૌભાંડ મામલે પ્રવર્તન નિદેશાલય-EDએ દિલ્હીની અદાલતમાં નવું પૂરક આરોપનામું દાખલ કરતા, ભાજપે આમ આદમી પાર્ટી પર નિશાન સાધ્યું છે. દિલ્હી ભાજપના અધ્યક્ષ વિરેન્દ્ર સચદેવાએ કહ્યું છે કે આ આરોપનામામાં સ્પષ્ટપણે કહેવાયું છે કે 39 કરોડ રૂપિયા કેવી રીતે વહેંચાયા. શ્રી સચદેવાએ કહ્યું કે આરોપ પત્રમાં એ પણ કહેવાયું છે કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ સમન્સ જાહેર કરાયું છે, જેમાં તેઓ તપાસમાં સહકાર નહીં આપતા હોવાનો દાવો કરાયો છે.

આ તરફ આમ આદમી પાર્ટીએ આરોપ મૂક્યો છે કે ઈડી આ સમગ્ર મામલે નિવેદનોને ભ્રામક રીતે રજૂ કરી રહ્યું છે. દિલ્હી સરકારમાં મત્રી અને આપ નેતા સૌરભ ભારદ્વાજે કહ્યુ છે કે હાલમાં શ્રી કેજરીવાલે કોર્ટમાં સાબિત કર્યું છે કે ઈડી નિવેદનનોને ખોટી રીતે રજૂ કરી રહ્યું છે.

# PARA-SHOOTERS.RTF

ભારતીય પેરા શૂટર રૂબિના ફ્રાંસિસ અને સ્વરૂપ ઉન્હાલ્કરે ‘વાઇલ્ડ કાર્ડ’ અંતર્ગત પેરિસ પેરાલમ્પિકનો ક્વોટા હાંસલ કર્યો છે. આ સાથે જ આ ખેલમાં પેરા શૂટર્સની સંખ્યા વધીને 10 થઈ ગઈ છે.

ભારતીય પેરાલમ્પિક સમિતિએ રૂબિનાને મહિલાઓ માટેની 10 મીટર એર પિસ્ટલ એસએચ1 અને સ્વરૂપને પૂરુષોની 10 મીટર એર રાઇફલ એચએચ1 સ્પર્ધામાં વાઇલ્ડકાર્ડ એન્ટ્રી માટે આગ્રહ કર્યો છે.  ગત વર્ષે હાંગ્ઝોઉ એશિયાડ રમતોમાં સુવર્ણ ચંદ્રક વિજેતા અને વિશ્વ રૅન્કિંગમાં બીજા ક્રમાંકે સ્થાન મેળવનારા રૂબિના અને સ્વરૂપ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં નિરંતર સારુ પ્રદર્શન કરતા રહ્યા છે, જેને કારણે સમિતિએ તેમને વાઇલ્ડકાર્ડ એન્ટ્રી માટે આગ્રહ કર્યો હતો.,

# INDIA ZIMBABWE

ઝિમ્બાબ્વેના હરારેમાં રમાયેલી આંતરરાષ્ટ્રીય ટી 20 શ્રેણીની ત્રીજી મેચમાં ભારતે ઝિમ્બાબ્વેને 23 રનથી હરાવ્યું છે. ટોસ જીતીને બેટિંગ કરવા મેદાનમાં ઉતરેલી ભારતીય ટીમે 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 182 રન બનાવ્યા હતા. જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ 20 ઓવરમાં 6 વિકેટના નુકસાને 159 રન બનાવીને ઑલઆઉટ થઈ હતી.

ભારતીય કેપ્ટન શુમન ગીલે સૌથી વધુ 66 અને ઋતિરાજ ગાયકવાડે 49 રન બનાવ્યા હતા. વૉશિંગ્ટન મૂળના સુન્દરે ત્રણ જ્યારે આવેશ ખાને બે તેમજ ખલીલ અહેમદે એક વિકેટ ઝડપી હતી. પાંચ મેચની શ્રેણીમાં ભારત બે-એક થી આગળ છે.

# . EURO-2024.RTF

ફૂટબોલમાં ઈંગ્લેન્ડ UEFA યુરોપિયન ચેમ્પિયન્સની ફાઇનલમાં પહોંચી ગયું છે. ઇંગ્લેન્ડના ડોર્ટમંડમાં રમાયેલી સેમિફાઇનલમાં નેધરલેન્ડ્સને 2-1થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

ઓલી વોટકિન્સના ગોલથી ઈંગ્લેન્ડને નેધરલેન્ડ્સ પર લીડ લેવામાં મદદ મળી હતી. પહેલા હાફમાં ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી કેને પેનલ્ટીમાં કન્વર્ટ કરી સ્કોર 1-1 કરી દીધો હતો. આ પહેલા ઝેવી સિમોન્સે બોક્સની બહારથી ગોલ કરીને નેધરલેન્ડને પ્રથમ લીડ અપાવી હતી. હવે 15 જુલાઈએ ફાઇનલમાં ઈંગ્લેન્ડનો મુકાબલો સ્પેન સાથે થશે..

# CBSE- CLARIFICATION

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ-સીબીએસઇએ સ્પષ્ટતા કરી છે કે વર્તમાન પાઠ્ય પુસ્તકમાં ફેરફાર માત્ર ધોરણ ત્રણ અને છ માટે જ કરવામાં આવ્યો છે, અન્ય વર્ગો માટે નહીં. શાળાઓને ધોરણ ત્રણ અને છ સિવાયનાં અન્ય વર્ગોમાં વર્તમાન પાઠ્યપુસ્તકો જ ભણાવવાનુ ચાલુ રાખવા સૂચના આપવામાં આવી છે..

# DENGUE SITTING

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગતપ્રકાશ નડ્ડાએ દેશમાં ડેંગ્યુને ફેલાતો રોકવા મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે મંત્રણા કરી હતી. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા તેમણે જણાવ્યું કે, ડેંગ્યુને ફેલાતો અટકાવવા માટે મંત્રાલય યોજનાઓ તૈયાર કરી રહ્યું છે અને રાજ્યો સાથે સંકલન કરી રહ્યું છે. તેમણે જણાવ્યું કે આરોગ્ય મંત્રાલય ચોવીસ કલાકની ડેંગ્યુ હેલ્પલાઇન શરૂ કરશે અને રાજ્યોને પણ આગામી ચાર-પાંચ દિવસમાં આવી હેલ્પલાઇન શરૂ કરવા જણાવ્યું છે.

શ્રી નડ્ડાએ ઉમેર્યું કે, યોજનાના સુસંકલન માટે આરોગ્ય મંત્રાલય શિક્ષણ, હાઉસિંગ અને શહેરી વિકાસ જેવા મંત્રાલયો સાથે આંતર-ક્ષેત્રીય અને આંતર-વિભાગીય બેઠકો યોજશે. શ્રી નડ્ડા આગામી બે દિવસમાં ડેંગ્યુનાં સૌથી વધુ કેસો ધરાવતા રાજ્યો સાથે પણ બેઠક યોજશે. તેમણે કેન્દ્રીય હોસ્પિટલોને ડેંગ્યુ સારવાર વોર્ડ તૈયાર કરવા નિર્દેશ આપ્યો હતો..